RNI.REG.NO.GUJ/GUJ/2001/05986
PO.RE.NO.SRT-627-2010/12,
Post.at Surat BDO/2 on date 27/09/2009

સોમવાર ૨૬-૭-૨૦૧૦ Tursday 26-July-2010

# ગુજરાત મેસેજ

વર્ષ -૦૯, અંક ૧૧૦
પાના-૪, કિંમત ૫૦ પૈસા

નિષ્ઠા અને નિડરતાનું પ્રતિક
તંત્રી-વાય. એમ. સૈયદ

મું.ચાંદ-૧૩ શાબાન,
હિજરીસન-૧૪૩૧

૫/૧૭૮૮,શોપ નં.૧, અશોક ચેમ્બર્સ, પેટ્રોલપંપ પાસે, સૈયદપુરા, સુરત-૦૩. મો.નં.૯૩૨૭૪૧૩૧૪૫, ૯૭૨૫૭૧૮૧૧૮,૯૩૨૮૩૮૦૩૬૬ ફેક્સ નં. ૦૨૬૧-૨૪૪૩૩૦૦
E-Mile:ymsaiyed@gmail.com,gujaratmessage@gmail.com / Web:-http://gujaratmessage.epapertoday.com,www.ymsaiyed.webs.com

### સોહરાબુદ્દીન ફરજી એન્કાઉન્ટરમાં મુખ્ય આરોપી

# અમિત શાહ સીબીઆઈ સમક્ષ હાજર

## ૧૪ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલતા જજ દવે

**અમદાવાદ,** સોહરાબુદ્દીન નકલી એન્કાઉન્ટર મામલે સીબીઆઈ દ્વારા મુખ્ય આરોપી બનાવવામાં આવેલા ભૂતપૂર્વ ગૃહમંત્રી અમિત શાહ આજે બપોરે અચાનક અજ્ઞાનવાસમાંથી બહાર આવ્યા હતા અને અમદાવાદ ખાતેના ભાજપના કાર્યાલય ખાતે હાજર થયા હતા ત્યાં તેમણે પક્ષ દ્વારા યોજવામાં આવેલી પ્રેસ કોન્ફરન્સમાં પોતાનું નિવેદન આપ્યું હતું અને પોતાનો બળાપો ઠાલવતાં કહ્યું હતું કે, મને ખોટી રીતે ફસાવવામાં આવ્યો છે કોંગ્રેસની આ એક ચાલ છે. મને ન્યાયતંત્રમાં પૂરતો ભરોસો છે અને તેમાં અમારી જીત ચોક્કસપણે થવાની છે.પ્રેસ કોન્ફરન્સમાં તેમણે જણાવ્યું હતું કે, હું કોઈ ભાગેડુ નથી. મને ૨૨ જુલાઈના રોજ ૧૧ વાગ્યે કહેવામાં આવ્યું હતું કે, ૧ વાગ્યે હાજર થાઓ. આખરે ૨ કલાકમાં હું કેવી રીતે તૈયારી સાથે જઈ શકું? ત્યાર બાદ મને ૨૩ જુલાઈના રોજ હાજર થવા કહ્યું હતું. અને તે દિવસે સાંજે ત્રીસ હજાર પાનાંની ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી.શાહે ઉમેર્યું હતું કે, ત્રીસ હજાર પાનાંની ચાર્જશીટ તેમણે આટલા ટૂંકા ગાળામાં કેવી રીતે બનાવી દીધી? મને ગુંડો, કીડનેપર કહીને મારા ઉપર તરેહ-તરેહના આરોપો મૂકવામાં આવ્યા છે પણ આ કોંગ્રેસની એક ચાલ છે પણ મને કાયદા ઉપર પૂરતો વિશ્વાસ છે. મારી જીત થશે અને કોંગ્રેસની તેમાં હાર થશે.અમિત શાહ ગાંધીનગરમાં હાજર થયા બાદ સીબીઆઈએ તેમની ઔપચારિક પૂછપરછ કર્યા બાદ તેમની વિધિવત્ ધરુપકડ કરી હતી. જો કે, શાહ પોતાનો બચાવ કરવા માટે સીબીઆઈની કચેરીએ ગયા હતા પરંતુ સીબીઆઈએ તેમની ધરપકડ

## જેલની કોઠડી જોતાં જ પૂર્વગૃહમંત્રી અમિત શાહનાં મિજાજનો પારો ઉતરી ગયો

## અમિત શાહને સાબરમતી જેલનાં લોકમાન્ય તિલક ખોલીમાં મુકાયા

કરી હતી. તેમને રિમાન્ડ માટે જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ એ.વાય. દવેના નિવાસસ્થાને લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સુનાવણી વખતે જજે શાહના રિમાન્ડ આપવા માટે ઈન્કાર કર્યો હતો અને તેમને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવાનો આદેશ કર્યો હતો. જો કે, આવતીકાલે તેમને સીબીઆઈ કોર્ટમાં રજૂ કરી ૧૪ દિવસના રિમાન્ડની માંગણી કરવામાં આવે તેવી શક્યતા છે. સીબીઆઈએ અમિત શાહની ધરપકડ કરી તેના પગલે ભાજપ છાવણીમાં સોપો પડી ગયો છે. અને હવે સીબીઆઈ આગળની કાર્યવાહી શી કરે છે તેના પર આખો મદાર છે અને તે મુજબ ભાજપ આગળની વ્યૂહરચના ઘડે તેમ જણાઈ રહ્યું છે. જો કે, આવતીકાલે સોમવારે અમિત શાહ દ્વારા જામીન અરજી કરવામાં આવશે તેવી શક્યતા છે. નવાઈની વાત તો એ છે કે, સીબીઆઈએ અમિત શાહનું કોઈ જ નિવેદન લીધું નથી કે પાછળથી રિમાન્ડની કોઈ માંગણી કરવામાં ન આવતાં આ કોઈ વ્યૂહરચના છે કે પછી આગળ જતાં તેમને કસ્ટડીમાં નિવેદન લેશે તે બાબતની અનેક અટકળોએ જોર પકડ્યું છે.



## સોહરાબુદ્દીન અમિતશાહ માટે ખંડણી ઊઘરાવતો હતોઃસીબીઆઈ

**અમદાવાદ,**સીબીઆઈએ અમિત શાહ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરીને તેમના પર હત્યાર, ખંડણી વસૂલાત, અપહરણ અને ગુનાઈત કાવતરાના આરોપો મૂક્યા છે. ચાર્જશીટ મુજબ અમિત શાહ રાજ્યના સિનિયર પોલીસ અધિકારીઓની સાથે મળીને ખંડણી ઉઘરાવવાનું રેકેટ ચલાવતા હતા. અમિત શાહ આ રેકેટના આગેવાન હતા જ્યારે સોહરાબુદ્દીન તેમનો દલાલ હતો અને ડી.જી. વણઝારા અને ડીસીપી અભય ચુડાસમા મધ્યસ્થી હતા. આ ચારેય મળીને આ આખા ધંધાને ચલાવતા હતા.સીબીઆઈનો દાવો છે કે, બાદમાં સોહરાબુદ્દીને એકલા હાથે ખંડણી ઉઘરાવવાનું ચાલુ કરી દીધું હતું. તેણે રાજસ્થાનના કેટલાય માર્બલના વેપારીઓ પાસેથી ખંડણી વસૂલવાનું ચાલુ કરેલું. તે વખતે રાજસ્થાનમાં ભાજપની સરકાર હતી. સીબીઆઈનું કહેવું છે કે, શાહ પોતાની મર્યાદા જાણતા હતા પણ સોહરાબુદ્દીન ગફલતમાં રહ્યો. જ્યારે શાહને સોહરાબુદ્દીન ઉપર કાબૂ રાખવાનું કહેવામાં આવ્યું ત્યારે શાહ પાસે સોહરાબુદ્દીનનો કાંટો કાઢવા સિવાય કોઈ વિકલ્પ નહોતો રહ્યો.

સોહરાબુદ્દીન વર્ષ ૨૦૦૨થી તુલસી પ્રજાપતિ સાથે ગેંગ બનાવીને ખંડણી ઉઘરાવતો હતો. ગેંગ બનાવ્યા બાદ તેણે તેના હરીફ હામિદ લાલાની હત્યા કરી હતી. વર્ષ ૨૦૦૪માં સોહરાબુદ્દીને રાજસ્થાનના આર.કે.માર્બલ્સના માલિક પટણી બ્રધર્સને પણ ખંડણી માટે ફોન કર્યો હતો. ત્યાર બાદ વધતા જતા દબાણ અને રાજકારણમાં ટોચના નેતાઓની નજરમાં સારા બનવા માટે અમિત શાહે સોહરાબુદ્દીનથી છૂટકારો મેળવવાનો નિર્ણય કરી લીધો હતો અને ભવિષ્યમાં સોહરાબુદ્દીન મોઢું ખોલે અને પ્રતિષ્ઠા જોખમાય તેવી નોબત ન આવે એટલે તેમણે ડી.જી. વણઝારાને સોહરાબુદ્દીનની હત્યા કરવાનો આદેશ કર્યો હતો. જો કે, સોહરાબુદ્દીન વિરુદ્ધ ગુજરાતમાં કોઈ કેસ દાખલ થયેલો નહોતો.

ચાર્જશીટમાં જણાવ્યા મુજબ વણઝારાએ અમદાવાદ પોલીસના ક્રાઈમ બ્રાન્ચના વડા અભય ચુડાસમાનો સંપર્ક કર્યો અને સોહરાબુદ્દીન વિરુદ્ધ ગુજરાતમાં કેસ દાખલ કરવામાં આવ્યો. ચુડાસમાએ તુલસી પ્રજાપતિનો સંપર્ક કર્યો અને સોહરાબુદ્દીનને ગુજરાત બોલાવવા માટે કહેવામાં આવ્યું.